# આકાશવાણી –ભુજ

**સમાચાર વાચક: અશરફ નથવાણી**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: ૦૮-૦૯-૨૦૨૪ રવિવાર સમય: સવારે: ૬:૫૦**

## રાષ્ટ્રીય પોષણ માસ

બાળકોમાં કુપોષણની સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત પ્રથમ છ દિવસમાં દેશભરમાં 1 કરોડ 37 લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુંમંત્રાલયના જણાવ્યા અનુસાર. મહિલા અને બાળ વિકાસ . 7માં રાષ્ટ્રીય પોષણ મહિનાના 6ઠ્ઠા દિવસ સુધી 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 752 જિલ્લામાંથી આ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે સૌથી વધુ કાર્યક્રમોનું આયોજન .કરનારા રાજ્યોમાં બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છેશિક્ષણ મંત્રાલય ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, આયુષ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય આ અભિયાનમાં તેમની ભૂમિકા ભજવી રહ્યા છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 31 ઓગસ્ટના રોજ શરૂ કરાયેલો સાતમો રાષ્ટ્રીય પોષણ મહિનો વધુ સારા વહીવટ માટે ટેક્નોલોજીની સાથે એનિમિયા, વૃદ્ધિ પર દેખરેખ, આહાર પૂરવણીઓ અને પોષણ પરના અભ્યાસ જેવા મુખ્ય વિષયો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

**અશરફ નથવાણી**

---

## SBI - મુખ્યમંત્રી રાહત નિધિ

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને "મુખ્યમંત્રી રાહત નિધિ" માટે 4 કરોડ 64 લાખ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો. રાજ્યમાં તાજેતરના ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા લોકોની સહાય માટે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની રાજ્યની તમામ શાખાઓના અધિકારી-કર્મચારીઓના એક દિવસના પગારની રકમના સ્વૈચ્છિક ફાળાનો આ ચેક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર હેમંત કરોલીયા દ્વારા મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યો.

**અશરફ નથવાણી**

---

## લખપત – આરોગ્ય ટીમ

સરહદી લખપત તાલુકામાં છેલ્લા ચાર દિવસમાં ભેદી બીમારીના કારણે 12 જેટલા લોકોના મોત થતાં શનિવારે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ લખપત તાલુકામાં દોડી ગઈ હતી.અલગ અલગ ગ્રામીણ વિસ્તારોમાં સર્વે કરવા સાથે જે ગામમાં મોતના બનાવો બન્યા છે ત્યાં અસરગ્રસ્ત પરિવારના સભ્યોના રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા. દરમ્યાન, આજે રાજ્ય સ્તરેથી મેડિકલ ટુકડી તપાસ માટે લખપત જશે તેવું જાણવા મળે છે.

જાણવા મળતી વિગતો મુજબ, લખપત તાલુકાના બેખડા ગામના ત્રણ માલધારી યુવાનો સીમમાં ચરિયાણ માટે ગયા હતા ત્યારે વરસાદમાં ભીંજાવાના કારણે પ્રથમ તાવ આવ્યા બાદ પ્રાથમિક સારવાર દયાપર,વર્માનગરમાં લીધા બાદ વધુ સારવાર માટે ભુજ ખસેડવામાં આવ્યા હતા.જે ત્રણેય યુવાનોનું મોત થયું હતું. પ્રાથમિક રિપોર્ટમાં ન્યુમોનિયાના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું હતું. ત્રણ યુવાનના મોત થતા કૌટુંબિક મામાને આઘાત લાગી આવતા હાર્ટ એટેક થી તેમનું પણ મોત થયું હતું.જે બાદ બેખડામાં વધુ એક પાંચ વર્ષીય બાળાએ જીવ ગુમાવતા નાનકડા ગામમાં શોક ફેલાઈ જવા પામ્યો છે.

આ ઉપરાંત સાન્ધ્રો, મોરગર, મેડી, ભરાવાંઢ, વાલાવારી અને લાખાપરમાં પણ મોતના બનાવો બન્યા છે.છેલ્લા ચાર દિવસમાં લખપત તાલુકામાં તાવ બાદ 12 લોકોના મોત થતાં જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગઈકાલે લખપત તાલુકાની મુલાકાત લેવામાં આવી હતી. અને અસરગ્રસ્ત પરિવારના સભ્યોના સેમ્પલ લેવામાં આવ્યા હતા.પ્રાથમિક તબક્કે સામે આવ્યું કે,મોટાભાગના મોત શ્વાસ અને ફેફસાની તકલીફના કારણે થયા છે. કુલ 12 વ્યક્તિમાંથી બે વ્યક્તિના હાર્ટએટેકના કારણે અને એકનું કેન્સરના કારણે મોત થયું છે.જોકે બાકીના 9 લોકોના મોત શંકાસ્પદ હોવાથી મામલાની ગંભીરતાને જોતા આજે રાજ્ય સ્તરેથી ચાર તબીબો લખપત તાલુકામાં આવશે અને તપાસ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

**અશરફ નથવાણી**

---

## પોલીસ તેરા તુજકો અર્પણ

તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા ભુજમાં 97 અને મુંદરા-માંડવીના 70 મળી ૧૬૭ ભોગગ્રસ્તોને મુદ્દામાલ પરત કરવામાં આવ્યો હતો. ચોરી તેમજ છેતરપિંડી-ઠગાઈમાં ગયેલો મુદ્દામાલ પરત કરવાની પ્રક્રિયા જટિલ છે, પરંતુ રાજ્ય પોલીસે તેને સરળ બનાવી વહેલીતકે ભોગ બનેલાઓને તેઓનો મુદ્દામાલ પરત કરવા `તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ હાથ ધર્યો છે

કોર્ટ દ્વારા અનુમતિની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ભુજ તાલીમ ભવન ખાતે યોજાયેલા `તેરા તુજકો અર્પણ' કાર્યક્રમમાં ભુજના એ અને બી, માધાપર, પદ્ધર, માનકૂવા અને ખાવડા પોલીસ મથકના 102 જેટલા વિવિધ ગુનાકામે કબજે કરાયેલો મુદ્દામાલ 97 ભોગ બનનારને પરત કરાયો હતો. આ ઉપરાંત મુન્દ્રા તાલુકાના પ્રાગપરના અહિંસાધામ ખાતે પણ આવો જ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મુંદરા તથા માંડવી તાલુકાના સાત પોલીસ મથકે 70 ગુનાનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત અપાયો હતો.

**NP /અશરફ નથવાણી**

---

## હવામાન

હવામાન વિભાગે આગામી દિવસોમાં ધીમેધીમે વરસાદ ઓછી થવાની આગાહી કરી છે.. હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. જ્યારે હવે પછીના છ દિવસ દરમિયાન વરસાદની શક્યતા નહીવત હોવાની આગાહી કરી છે.

**અશરફ નથવાણી**

---

## ઋષિ પંચમી

આજે ઋષિ પંચમીનું પર્વ ઉજવાય રહ્યું છે ખાસ કરીને બહેનો આજે સામા નો ફળાહાર કરી વ્રત કરે છે.ભુજમાં ખારી નદીના  કિનારે મેળો ભરાય છે.

**અશરફ નથવાણી**

---